
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ વૃશ્ચિક**

**આજના ગ્રહોની કુંડળી**




**આજે ગુરુ અને શનિ વક્રી ચાલે છે. ● મીનારક કમૂરતાં અને ચાંડાલ યોગ ચાલે છે. ● મીનનો બુધ નીચનો છે. ● જો જન્મના ગ્રહો બળવાન હશે તો...**

**મેષ** આઠમે શનિ મંગળની પ્રબળ યુતિ તમારે માટે સારી નથી. બારમે બુધ પણ નીચ રાશિનો તમોને લગ્નેતર સંબંધો બાંધવા પ્રેરણા આપે. માટે સાચવીને સમય પસાર કરવો.

**વૃષભ** 'હું ક્યાં છું ને શું કરી રહ્યો છું' તેની પણ સમજ ના પડતી હોય તેવો યોગ છે તમો તમારી જાતના દુશ્મન બનો તેવી સલાહથી દૂર રહો. નહીં તો ધારેલું કામ પાર નહીં પડે.

**મિથુન** ત્રીજે - છઠ્ઠે સારા યોગ છે. સાતમે ચંદ્ર સારો છે. દસમે બુધ સૂર્ય સારા છે. ફક્ત બુધ નીચ રાશિનો છે તેથી તમારા વ્યવસાયમાં તમોને બુધ અવળું ન સુઝાડે તેનું ધ્યાન રાખવું.

**કર્ક** સંતાનો તેમના ક્ષેત્રમાં ખૂબ જ એગ્રેસીવ થઈ જશે માટે તેમની બાબતે ચિંતા કરતા રહેશો નહીં તો ધ્યાન બહાર તેઓ મુશ્કેલીઓમાં મુકાઈ જશે અને તમારે પાછળથી દોડાદોડ રહેશે.

**સિંહ** રાશિમાં ચાંડાલ યોગ - ચોથે શનિ - મંગળની યુતિ - આઠમે સૂર્ય બુધની યુતિ આમ બધા યોગો પાપગ્રહથી દુષિત થયેલ છે. માટે આજે આપનો દિવસ સારો જઈ શકે તેમ નથી.

**કન્યા** રાશિપતિ સાતમે નીચ રાશિનો થઈ તમારી રાશિને દ્રષ્ટ કરે છે. જે શુભ નથી - તમારા વિચારો ભ્રમિત કરી શકે છે. ચોથે ચંદ્ર નાનકડો લાભ અપાવે. મીશ્ર દિવસ જાય.

**તુલા** તમારી રાશિની કુંડલીમાં મોટા ભાગના ગ્રહો સારા સ્થાનોમાં ગોઠવાઈને નીચ ભંગ રાજયોગ સર્જતા યોગો કરે છે જેથી આપને દુશ્મનો મદદરૂપ થાય તેવા યોગ છે.

**વૃશ્ચિક** રાશિપતિની શનિ સાથેની યુતિ બીજે ચંદ્ર - ચોથે શુક્ર - એકાદ નાનો પ્રવાસ ઉભો કરાવે. રાજ્ય સરકાર દ્વારા, રાજદ્વારીઓ દ્વારા લાભ થાય તેમ છે - દિવસ સારો જશે.

**ધન** રાશિમાં ચંદ્ર સારો છે. બાકી તો બારમે શનિ મંગળની પ્રબળ યુતિ તમોને પારાવાર નુકસાન કરાવી શકે તેમ છે માટે શક્ય હોય તો ભક્તિ - પૂજા - હનુમાન ચાલીસા વિગેરેનું પઠન કરવાથી નુકસાનની માત્રા ઘટશે.

**મકર** આઠમે ચાંડાલ યોગ છે જેથી આપને સારાં કાર્યો કરવામાં વિઘ્નો ચાલે - ધ્યાન રાખીને ચાલશો તો ફાવશો. ત્રીજે નીચનો બુધ પણ ખોટા નિર્ણયો કરાવે - સાચવવું.

**કુંભ** બીજે સૂર્ય બુધ - સાતમે ચાંડાલ યોગ - દસમે મંગળ શનિની યુતિ વિગેરે યોગો સારા નથી. ફક્ત અગિયારમે ચંદ્ર એકાદ મોટો પ્રવાસ કરાવે - ધ્યાન રાખીને ચાલશો તો ફાવશો.

**મીન** રાશિમાં સૂર્ય તેમજ નીચના બુધની યુતિ સારું ફળ આપી શકે તેમ નથી. દસમે ચંદ્ર દૂધ, આઈસક્રીમ, દૂધની બનાવટોનો વ્યવસાય કરનારને આજનો દિવસ ફાયદાકારક રહેશે.

### દૂર કરાયા ● છેલ્લા પાનાનું ચાલુ

ખાનગી મિલ્કતો અને સેક્ટરોની અંદર લાગેલા ૧૫૦થી પણ વધુ બેનર, હોર્ડિંગ્સ અને પોષ્ટર કોર્પોરેશનની ટીમે દૂર કર્યા હતા. તો શહેરના મુખ્ય માર્ગો પરના બેનર, હોર્ડિંગ્સ અને પોષ્ટર માર્ગ-મકાન વિભાગની ટીમે દૂર કર્યા હતા.

હજુ વધુ એક-બે દિવસ આ કામગીરી ચાલુ રહેશે તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. દરમ્યાન જિલ્લા કલેક્ટરશ્રી રવિશંકરે આદર્શ આચારસંહિતાના અમલ માટે સચિવશ્રી ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના શ્રી બી.પી. અંતાણીની નોડલ ઓફિસર તરીકે નિમણુંક કરી છે. આ ઉપરાંત મદદનીશ નોડલ અધિકારી તરીકે નાયબ સુપ્રિ. ઓફ સ્ટેમ્પસ શ્રી શૈલેષ શાહ અને નાયબ કલેક્ટર શ્રી સી.પી. રાણાની નિયુક્તિ કરી છે.

આજથી જ આચારસંહિતાના અમલને લઈ તંત્ર હરકતમાં આવી ગયું છે. હોર્ડિંગ્સ બેનરો હટાવાતાં શહેરની સુંદરતામાં વધારો થવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે સેક્ટરોની અંદરથી જ ૧૭૦થી વધુ બેનર અને હોર્ડિંગ્સ હટાવવામાં આવ્યા છે. આ ઉપરાંત જાહેર માર્ગો પરથી પણ ૧૫૦થી વધુ હોર્ડિંગ્સ અને બેનરો હટાવવામાં આવ્યા છે.

### લાગણીનો મેળો ● ૪ પાનાનું ચાલુ...

બોધ લાધે છે. આપણે વિશુદ્ધ ને ભવ્ય જીવનના સ્વામી બની શકીએ. એ માટે ખંત ને નિષ્ઠાભર્યો પુરુષાર્થ જરૂરી છે. મિત્રો, આપણે ચૈતન્યયુક્ત મનુષ્ય છીએ. પરમશક્તિના સિંધુનું એક બુંદ છીએ. એ વાત કદીયે ન ભૂલીએ. અડગ આત્મવિશ્વાસ કેળવી મનોમન નિર્ણય કરીએ કે, "હું જીવનમાંથી કંઈક ભવ્ય ભવ્ય નિર્માણ કરીશ. સામાન્ય નહિ પણ અસામાન્ય બનવા સર્જાયો છું. મારી અંદર દિવ્યશક્તિનું અક્ષમ્ય ઝરણું અનવરત વહ્યા કરે છે. ક્યારેય પાછા પડીશું નહિ કારણ પરમપિતા પંડમાં - જોડે - જ છે." આવો અપ્રતિમ આત્મવિશ્વાસ જગાવીએ.

એક બંગાળી પ્રાર્થના છે, "જ્યાં કોઈ બંધન નથી. જ્યાં પરમ મુક્તિ છે એવી ભૂમિકામાં મારા દેશને જગાડજો. હે પરમ.!"

આપણે પણ આપણા જીવન માટે આ જ પ્રાર્થના કરીએ. આપણને જોઈએ છે પરમમુક્તિ, પરમઆનંદ, પરમસમૃદ્ધિ, આ જીવનમાં અહી જ એ ત્રિવેણી સંગમ સાધવાનું શક્ય છે. આ પળથી જ એ માટે કૃતનિશ્ચયી બની પ્રયત્નો શરુ કરી દઈએ.

**સ્પર્શમણિ :**

ઈશ્વર તમારાથી ભિન્ન નથી, ઈશ્વર મોક્ષલ, અમૃત એ બધું છેવટે તમારી અંદર છે હવે તમે એની ઝાંખી કરી છે. જિંદગી એક તક રૂપે તમારી પાસે આવી છે. કશાથી ડરતા નહિ. ઉભા થાઓ અને આ અનન્ય કેડી પર ડગ માંડવાનું શરુ કરો. દુનિયાને તમારે માટે જે કહેવું હોય તે કહેવા દો, તેણે ઈશુને વધસ્તંભે બાંધીને ખીલા માર્યા, સોક્રેટિસને ઝેર પાયું અને ગાંધીને ગોળીએ વીંધ્યા છે. આવી પાગલ દુનિયામાં આપણે આવી પડ્યા છીએ. આપણે એ હિમાલયને ઓળંગી જવાનો છે.

જીવન એક રોમાંચિત સાહસ છે. તે પરમની યાત્રા છે. કોઈ સહપંથી મળે તો લેજો નહીતર તમારી એકલાની છત્રી લઈને ધગધગતા તાપમાં બહાર નીકળી આવજો તમારે માટે દર પ્રભાત નવ પ્રભાત હજો. તમારે માટે દર ક્ષણ મુક્તિની ક્ષણ હજો.

- જે. કૃષ્ણમૂર્તિ

Rasikvaland1965@gmail.com




### ઉનાળામાં પાણીની તંગીને પગલે બાયડ તાલુકાના ખેડૂતોએ આવેદનપત્ર આપ્યું

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં ઉનાળાના પ્રારંભે જ પાણીની સમસ્યા સર્જાતા પાણીની સમસ્યા હલ કરવા બાયડ તાલુકાના અગ્રણીઓએ રેલી સ્વરૂપે વહીવટીતંત્રને રજૂઆત કરી જવાબદાર અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું તેમજ વાત્રક ડેમમાં પાણીનું પ્રમાણ પુરતું હોવાથી પીવાના પાણીની સમસ્યા અને પશુધનને પાણીની તંગી નિવારવા ડેમમાંથી પાણી છોડવામાં આવે અને ગ્રામ્ય વિસ્તારોના તળાવો પાણીથી ભરવા માંગ કરી હતી.

# ધાનેરાના ધાખા ગામે શીતળા સાતમ નિમિત્તે ભવ્ય મેળો ભરાયો

## પ્રસાદ રૂપે મીઠું, ગોળ, સુખડી તેમજ માને ચાંદીની આંખો પણ ભક્તો ચડાવે છે

ધાનેરા, તા. ૩૦

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના ધાખા ગામે આજે શીતળા સાતમ નિમિત્તે ભવ્ય મેળો ભરાયો હતો. જેમાં ધાનેરા શહેર સહીત તાલુકામાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા અને મા શીતળાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.



ગુજરાત એ ભાતીગળ મેળા માટે સમગ્ર વિશ્વમાં નામના પામ્યું છે, ગુજરાતના ભાતીગળ મેળા સમગ્ર વિશ્વમાં વખણાય છે, આ ભાતીગળ મેળામાં લોક સંસ્કૃતિની અનોખી જલક જોવા મળે છે. ગુજરાતમાં અનેકવાર તહેવાર ભાતીગાળ મેળા યોજાતા રહે છે. ધાખા ગામે વર્ષો જુનુ મા શીતળાનું મંદિર આવેલુ છે. જ્યાં આજે શીતળા સાતમના દિવસે ધાનેરા તાલુકાના ધાખા ગામે ભવ્ય ભાતીગળ મેળો ભરાયો હતો. જેમાં દૂર દૂરથી લોકોએ આવી માના દર્શન કરી મેળાનો આનંદ માળ્યો હતો. હવે જો આ મેળાની મહત્વની વાત કરવામાં આવે તો અહી મા શીતળાને પ્રસાદ રૂપે મીઠું, ગોળ તેમજ સુખડી ચઢે અને લોકો પોતાની માનતા પ્રમાણે માને ચાંદીની આંખો પણ ચડાવે છે. ધાનેરા સહીત સમગ્ર વિસ્તાર જો કોઈને કોઈ પણ જાતની બીમારી થાય તો અહીં માનતા માનવામાં આવે છે અને તેની બીમારી દૂર થતા જ આજના દિવસે લોકો અહી આવી તેમની માનતા પૂર્ણ કરે છે. જો કોઈને આંખ દુખવા આવે તો અહી માતાને પ્રસાદ રૂપે ચાંદીની આંખની માનતા માનવામાં આવે છે. અને આંખ મટી જતાની સાથે જ લોકો અહી આવી માતાને ચાંદીની આંખ ચડાવી પોતાની માનતા પૂર્ણ કરે છે. આ મેળા દરમ્યાન કોઈ અણબનાવ ન બને તે માટે ધાનેરા પોલીસ પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવી લોકોને ખડે પગે સેવા આપે છે અને લોકો પણ ખુબજ ઉત્સાહ સાથે આ મેળાનો આનંદ માળે છે.

# ભાજપના પ્રદેશ માળખાની આજે જાહેરાતની સંભાવના

ગાંધીનગર, તા. ૩૦

પ્રદેશ ભાજપ સંગઠન માળખાની પુનઃ રચનાનો તખ્તો ગોઠવાઈ ગયો છે અને આવતીકાલે સાંજ સુધીમાં નવા પ્રદેશ સંગઠન માળખાની પુનઃ રચનાની જાહેરાત કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ગુજરાત ભાજપના પ્રમુખ તરીકે વિજયભાઈ રૂપાણીની વરણી કરવામાં આવ્યા બાદ હવે તેમની નવી ટીમની જાહેરાત કરવામાં આવનાર છે. બે દિવસના ગુજરાતના પ્રવાસે આવેલા ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમીત શાહ સાથે પ્રદેશ નેતાઓની મળેલી બેઠકમાં સંગઠનની પુનઃ રચના માટે સંભવીત નામો પર ચર્ચા વિચારણા કરીને મંજુરીની મહોર મારી દેવામાં આવી છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે સાંજે મુખ્યમંત્રી નિવાસસ્થાને મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં પ્રદેશ ભાજપ અધ્યક્ષ વિજયભાઈ રૂપાણી, પ્રદેશ મહામંત્રી અને અન્ય પ્રદેશ આગેવાનોની એક બેઠક મળી હતી. જેમાં પ્રદેશ સંગઠન માળખાની પુનઃ રચનાને આખરી ઓપ આપી દેવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી ૪થી એપ્રિલના રોજ પ્રદેશ કારોબારીની બેઠક મળનારી હોઈ આ બેઠક પૂર્વે જ નવા પ્રદેશ સંગઠન માળખાની રચના કરી દેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. આવતીકાલ સાંજ સુધીમાં પ્રદેશ સંગઠનમાં કેટલીક નવી નિમણુંકો કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

### નવો વળાંક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકારે રવિવારના દિવસે ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ શાસન લાદી દીધું હતું અને કહ્યું હતું કે, રાજ્યમાં બંધારણીય વ્યવસ્થા ભાંગી પડી છે. હરિશ રાવત રાજ્ય વિધાનસભામાં તેમની બહુમતિ સાબિત કરે તેના એક દિવસ પહેલા જ રાષ્ટ્રપતિ શાસન લાદવાનો નિર્ણય કરાયો હતો.ઉત્તરાખંડના કોંગ્રેસ ઈન્ચાર્જ અંબિકા સોનીએ કહ્યું છે કે, ન્યાયતંત્રમાં અમને વિશ્વાસ છે. પહાડી રાજ્યમાં કટોકટી ૧૮મી માર્ચના દિવસે ઉભી થઈ ગઈ હતી. તે વખતે કોંગ્રેસના ધારાસભ્યોએ રાવત સરકાર સામે બળવો કર્યો હતો. ભાજપના સભ્યો એજ દિવસે રાજ્યપાલને મળ્યા હતા અને સરકાર રચવાનો દાવો કર્યો હતો.

કોંગ્રેસના નવ ધારાસભ્યોને ગેરલાયક જાહેર કરાયા બાદ લઘુમતિમાં સરકાર હોવાનો આક્ષેપ કરાયો હતો. કેન્દ્ર સરકારે ગઈકાલના હાઈકોર્ટ સિંગલ જજની બેંચના ચુકાદા સામે વાંધો ઉઠાવીને બે જજની બેંચ સમક્ષ ફેરવિચારણા અરજી આજે દાખલ કરરી હતી. આના પર સુનાવણી કરતી વેળા હાઈકોર્ટે એફિડેવિટ દાખલ કરવા માટે કેન્દ્ર સરકારને છઠ્ઠી એપ્રિલ સુધીની મહેતલ આપી છે. અહેવાલ મુજબ બેંચે સરકારને એવો પ્રશ્ન પણ કર્યો હતો કે, ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ લાગૂ કરવાની ઉતાવળ શું હતું. કોર્ટે કહ્યું હતું કે, શક્તિ પ્રદર્શનથી વધારે કોઈ સારા ટેસ્ટ હોઈ શકે નહીં.

છઠ્ઠી એપ્રિલના દિવસે કેન્દ્ર સરકારે એફિડેવિટ દાખલ કરવી પડશે તેના પર સુનાવણી બાદ જ શક્તિ પરીક્ષણ અંગે કોઈ નિર્ણય કરાશે. કેન્દ્ર સરકારે એવી દલીલ કરી હતી કે, રાષ્ટ્રપતિ શાસન પર કોઈપણ કોર્ટ સ્ટે મુકી શકે નહીં. હાઈકોર્ટે છઠ્ઠી એપ્રિલ સુધી તેનો જવાબ આપવા કોંગ્રેસને સૂચના આપી છે. રાષ્ટ્રપતિ શાસન લાદવાના કેન્દ્રના નિર્ણયની વાસ્તવિકતા મુદ્દે અંતિમ સુનાવણી હાથ ધરાશે. કોંગ્રેસ તરફથી વરિષ્ટ વકીલ એમ સિંઘવીએ દલીલો કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં ઉત્તરાખંડમાં જોરદાર રાજકીય ધમસાણની સ્થિતિ છે. કોંગ્રેસે અસંતુષ્ટ ધારાસભ્યોને આપવામાં આવેલા વોટિંગના અધિકાર સામે પણ વાંધો ઉઠાવ્યો હતો. સિંગલ જજની બેંચે મંગળવારના દિવસે નવ ધારાસભ્યો સહિત તમામ ધારાસભ્યોને મતદાનમાં ભાગ લેવા માટે કહ્યું હતું.

### સેમિફાઈનલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જો કે આવતીકાલથી મેચમાં તમામ તાકાત લગાવી દેવી પડશે. છેલ્લા કેટલાક દિવસોમાં બોલિંગના ક્ષેત્રમાં બુમરાહે તમામનુ ધ્યાન ખેંચ્યુ છે. તેના પર પણ નજર રહેશે. આ મેચનુ પ્રસારણ આવતીકાલે સાંજે ૭.૩૦ વાગ્યાથી કરવામાં આવનાર છે. ભારતીય ટીમ આ વખતે યજમાન ટીમ તરીકે હોવાથી ઘરઆંગણે તેના પર વધારે દબાણ છે. ઈતિહાસ ઉપર નજર કરવામાં આવે તો આઈસીસી ટ્વેન્ટી વર્લ્ડકપમાં ઉદ્ઘાટન ટ્રોફી મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં ભારતીય ટીમે જીત્યા બાદથી ભારત હજુ સુધી ટ્વેન્ટી કપમાં ચેમ્પિયન બની શક્યું નથી. આ વખતે ભારતીય ટીમ પાસે ફરી એકવાર સુવર્ણ તક રહેલી છે.

### રીવીઝન અરજી...

● છેલ્લા પાનાનું ચાલુ

શ્રી ભાવિનસિંહ ઠાકોરે કરેલી રિવીઝન અરજી પર આજે પંચાયત સચિવની કોર્ટમાં સુનાવણી હાથ ધરાય તે પૂર્વે જ અરજી પાછી ખેંચી લેવાની રજુ કરી દેવાઈ હતી. જે ગ્રાહ્ય રાખવામાં આવી છે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ પંચાયત અધિનિયમની જોગવાઈઓને ધ્યાને રાખી કાર્યકારી અધ્યક્ષે કાર્યવાહી નોંધ પર સહિ ન કરી હોવાથી બેઠકની કાર્યવાહી રદ કરી હતી. જેની સામે શ્રી ભાવિનસિંહે રીવીઝન અરજી કરી હતી. પંચાયતના વર્તુળોમાંથી મળતી વિગતો પ્રમાણે સમાધાનની ફોર્મ્યુલા તૈયાર થઈ રહી છે. બાંધકામ સમિતિના ચેરમેન તરીકે હાલ અમૃતાબેનને ચાલુ રાખવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

બીજી તરફ આજે મળનારી પંચાયતની ખાસ સામાન્ય સભામાં બજેટને મંજૂરી આપી દેવામાં આવશે. આ પછી સમાધાનની પ્રક્રિયા બે જૂથો વચ્ચે આગળ વધશે.

# ઘન કચરામાંથી વીજ ઉત્પાદન માટેની નીતિની જાહેરાત

ગાંધીનગર, તા. ૩૦

શહેરી વિસ્તારોમાં મુખ્યત્વે મ્યુ. કોર્પોરેશન વિસ્તારોમાં ઉત્પન્ન થતાં ઘનકચરાના નિકાલ માટે ગુજરાત વેસ્ટ ટુ એનર્જી પોલીસી-૨૦૧૬ બહાર પાડવામાં આવી હોવાનું રાજ્યના ઉર્જામંત્રીએ જણાવ્યું હતું.

વિધાનસભા ગૃહમાં આજે રાજ્યના ઉર્જામંત્રી સૌરભભાઈ પટેલે નિયમ-૪૪ હેઠળ નિવેદન જાહેર કરતાં જણાવ્યું હતું કે ઉક્ત નીતિ પાંચ વર્ષ માટે અમલી રહેશે. અને તે દરમ્યાન સ્થપાયેલ એકમ વધુમાં વધુ ૨૫ વર્ષ સુધી નીતિ અંતર્ગત લાભો મેળવવા પાત્ર રહેશે.

તેમણે જણાવ્યું હતું કે આ નીતિ અંતર્ગત આવા પાવર પ્રોજેક્ટ માટે જમીન શહેરી, સ્થાનિક સંસ્થા, મ્યુનિસિપલ કોર્પોરેશન વિગેરે જે તે સંસ્થા દ્વારા રૂ. ૧ના પ્રતિક દરે લીઝ ઉપર આપવામાં આવશે અને તે અંગેની સ્ટેમ્પ ડ્યુટી જે તે શહેરી સ્થાનિક સંસ્થા ભોગવશે. વિશેષમાં સંબંધીત શહેરી સ્થાનિક સંસ્થા પાવર પ્રોજેક્ટ ઉપર કોઈ ટેક્ષ સેસ રોયલ્ટી લેવી કે તે પ્રકારના ચાર્જ નાખશે નહી.

જે તે શહેરી સ્થાનિક સંસ્થા શહેરી ઘન કચરો પાવર પ્રોજેક્ટ માટે વિના મૂલ્યે આપશે અને તેવો કચરો પાવર પ્રોજેક્ટના સ્થળે જે તે યુએલબી પહોંચાડશે. રૂ. ૧ ના દરે લીઝ પર મળતી જમીન અને વિના મૂલ્યે આપનાર શહેરી ઘન કચરો લક્ષમાં રાખીને ગુજરાત એનર્જી રેગ્યુલેટરી કમીશન દ્વારા શહેરી સ્થાનિક સંસ્થા દ્વારા કચરામાંથી ઉર્જા ઉત્પન્ન કરવાના પ્રોજેક્ટ માટે સ્પર્ધાત્મક બીડ મંગાવવામાં આવશે. જેમાં પ્રોજેક્ટના ડેબલો પર દ્વારા વેચનારા વીજળીના યુનિટ દીઠ કેટલી સબસીડી જોઈએ છે તે રકમ સ્પર્ધાત્મક બીડમાં જણાવવાની રહેશે અને તે આધારે સૌથી ઓછુ વાયેબલ ગેબ ફેડીંગ માંગતા બીડરને યુએલબી પ્રોજેક્ટ ડેવલોપર તરીકે પસંદ કરવામાં આવશે.

આવા પ્રોજેક્ટોમાંથી ઉત્પન્ન થતી વીજળીને વિદ્યુત શુલ્કમાંથી સંપૂર્ણપણે મુક્તિ આપાવમાં આવશે. અને તેને ક્રોસ સબસીડી સરચાર્જ એડીશનલ સરચાર્જમાંથી પણ મુક્તિ આપવામાં આવશે તેજ રીતે વ્રીલીંગ ચાર્જિસ અને ડીસ્ટ્રીબ્યુશન લોસમાં પણ ૫૦ ટકા કન્શેસન આપવામાં આવશે. આ નીતિ શહેરી ઘન કચરાના નિકાલ માટે ઉત્તમ વિકલ્પ સાબિત થશે.




### પોગલુ ગામે કુપોષણ મુકત આરોગ્યલક્ષી તાલીમ શિબિર યોજાઈ

સાબરકાંઠા જિલ્લામાંથી કુપોષણના કારણે થતા બાળમૃત્યુ અને માતા મૃત્યુદરને અંકુશમાં લેવા ગુજરાત આરોગ્ય વિભાગની સૂચના પ્રમાણે સાબરકાંઠા જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન અને જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનીષ ફેન્સીના માર્ગદર્શન હેઠળ કુપોષણ નાબુદી પ્રોજેકટ બનાવી જિલ્લાના હિંમતનગર અને પ્રાંતિજમાં આ સંદર્ભના તાલીમ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પોગલુ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેમજ ફતેપુરા કેન્દ્ર પર આશાવર્કરો, આરોગ્ય કાર્યકરો, કર્મચારીઓને તાલીમ તેમજ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કુપોષિત તમામ બાળકોને બાલ અમૂલ સહિતના વિટામીન યુકત બ્રાન્ડેડ નસ્તા સહિતના બાળભોગ આપવાનું સૂચન કરવામાં આવ્યું હતું. ડૉ. મેહુલ ચોપરા, ડૉ. નિશાંત શાહ તેમજ જિલ્લાના મુખ્ય અધિકારીઓએ તાલીમ શિબિરમાં કુપોષણ પ્રોજેકટને ત્વરીત અમલી બનાવી ગામે ગામ અને ઘરે ઘરે જઈ કુપોષિત બાળકોને પોષણ આપવા તથા માતા મૃત્યુ દર ઘટાડવા જનહિતના સૂચનો કર્યા હતા.

# મેઘરજમાં ધોળે દિવસે મકાનમાં ઘુસી તસ્કરો દાગીના ચોરી ફરાર

મોડાસા, તા.૩૦

મેઘરજ નગરમાં સોમવારના રોજ બપોરના સમયે રહેણાંક વિસ્તારમાં પરિવારજનો નિંદ્રામાં હતા ત્યારે તસ્કરોએ ઘરમાં ઘુસી તિજોરીમાં રહેલા સોના ચાંદીના દાગીનાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મેઘરજ નગરમાં રહેણાંક વિસ્તારમાં જુમ્મા મસ્જિદની પાછળ ભીખાભાઈ અબ્દુલભાઈ મેઘરજીયા પોતાના પરિવાર સાથે રહે છે. દરમિયાન બે દિવસ અગાઉ ભીખાભાઈ તેમના કુટુંબમાં કોઈનું નિધન થતા દફન વિધિ માટે ગયા હતા અને પત્ની અને પુત્રી બપોરના સમયે આરામ કરી રહ્યા હતા ત્યારે ધોળે દિવસે કોઈ અજાણ્યા તસ્કરોએ ઘરમાં ઘુસી તિજોરીમાંથી સોનાનો દોરો, બુટ્ટી, છડા, ચુની સહિતના દાગીનાનો મુદ્દામાલ મળી કુલ રૂ.૪૫૫૦૦ની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. થોડા સમય બાદ ભીખાભાઈની પુત્રી જાગી જતા જોયું તો ચોરી કરી તસ્કરો રફુચક્કર થઈ ગયા હતા. આ ચોરીના બનાવ અંગે મેઘરજ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### વિધાનસભામાં ગાંધીનગર...

● છેલ્લા પાનાનું ચાલુ

અરજીઓ અગ્રતાક્રમ અનુસાર મંજૂર થતી હોય છે. આગળના વર્ષની અરજીઓ પણ પડતર હોવાથી છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ મંજૂર કરી નથી.

આ અરજીઓ અગ્રતા ક્રમમાં આવતાં તેનો નિકાલ કરવામાં આવશે.

● બાળકોને તાલિમ

ગાંધીનગર જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ બાળકોને તાલિમ આપવા અંગે ભાજપના શ્રી અશોક પટેલે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લામાં ૩૧-૧૨-૧૫ સુધીમાં ૨૧૮૬ બાળકોને શિક્ષણ સ્તર સુધારણા અંગે તાલિમ આપવામાં આવી છે.

૨૦૧૪-૧૫માં ૫૮૪ બાળકોને અને ૨૦૧૫-૧૬માં ૧૬૦૨ બાળકોને તાલિમ માટે ૩૧-૧૨-૧૫ સુધી આવરી લેવામાં આવેલ છે.

મંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે આ પાછળ રૂ. ૬૯,૫૮,૩૬૮નો ખર્ચ થયેલ છે. ૨૦૧૪-૧૫માં રૂ. ૧૮,૭૪,૫૧૯ અને ૩૧-૧૨-૧૫ સુધીમાં વર્ષ ૨૦૧૫-૧૬માં રૂ. ૫૦,૮૩,૮૪૯નો ખર્ચ કરવામાં આવેલ છે.

● દહેગામ તાલુકામાં વૃક્ષારોપણ

કોંગીના શ્રીમતિ કામિનીબા રાઠોડે દહેગામ તાલુકામાં કરાયેલ વૃક્ષારોપણ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં વન મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે વર્ષ ૨૦૧૪-૧૫માં ૧૪૪ હેક્ટરમાં અને ૨૦૧૫-૧૬માં ૩૧-૧-૧૬ની સ્થિતિએ ૧૪૩ હેક્ટરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે. મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે આ વૃક્ષારોપણ પાછળ રૂ. ૯૭.૧૨ લાખનો ખર્ચ રાજ્ય સરકારને થયો છે.

**ધાનેરા નગરપાલિકા**

**ઓન લાઈન ટેન્ડર - જાહેર નિવિદા - સને. ૨૦૧૬**

નગરપાલિકા ધાનેરા દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ ખાનગી સોસાયટી ૭૦:૨૦:૧૦ના કામો માટે માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી કામના ભાવો ઓનલાઈન માંગવામાં આવે છે. વિગતવાર નોટીસ વેબસાઈટ http://nprocure.com ઉપર તા. ૨/૪/૨૦૧૬ અને ત્યારબાદ જોઈ શકાશે અને ડાઉનલોડ કરી શકાશે. ધાનેરા નગરપાલિકા તમામ ટેન્ડરો સ્વીકારવા કે રીજેક્ટ કરવા અંગેની પોતાનો અધિકાર અબાધિત રાખે છે. ટેન્ડરની શરતો ધ્યાનપૂર્વક જોઈ લેવા જણાવવામાં આવે છે.

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ | તા. ૨/૪/૨૦૧૬થી તા. ૧૨/૪/૨૦૧૬ના રોજ ૧૮.૦૦ કલાક સુધી |
| ૨. | ટેન્ડર ઓનલાઈન સબમીશન | તા. ૧૨/૪/૨૦૧૬ના રોજ ૧૮-૦૦ કલાક સુધી |
| ૩. | ટેન્ડર ફી, ઈએમડી (બાનામુક્તિ પ્રમાણપત્ર માન્ય રહેશી નહીં) અને અન્ય દસ્તાવેજો હાર્ડ કોપીમાં 'ચેફી ઓફીસર નગરપાલિકા ધાનેરાના નામે સીલબંધ કવરમાં આરપીએડી/સ્પીડ પોસ્ટથી રજૂ કરવાની તારીખ<br>કવર ઉપર કામનું નામ તેમજ હાર્ડ કોપી પહોંચાડવાની તારીખ સ્પષ્ટ અક્ષરમાં લખવાની રહેશે. | તા. ૧૮/૪/૨૦૧૬ સુધી |
| ૪. | ટેન્ડર ઓપનીંગ | તા.૧૯/૪/૨૦૧૬ |

આ કામની વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવાથી મળી શકાશે.

| | | | |
|---|---|---|---|
| એચ.વી. ભાવસાર<br>ઈન્ચાર્જ ચીફ ઓફીસર<br>નગરપાલિકા અને<br>મામલતદાર ધાનેરા | ઈસાજી પી. રાજપુત<br>બાંધકામ ચેરમેન<br>નગરપાલિકા ધાનેરા, | જગદીશભાઈ પી. ઠક્કર<br>ઉપપ્રમુખ<br>નગરપાલિકા ધાનેરા, | આશાબેન એન. પટેલ<br>પ્રમુખ<br>નગરપાલિકા ધાનેરા, |